# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ક્વા-૦૧/૨૦૨૧-૨૨/૨૩૬ તા. ૨૧.૧૦.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૮/ક્વા-૦૧/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ગદ્રે મરીન એક્ષ્પોર્ટ પ્રાઈવેટ લીમીટેડ ગામ – ચોરવાડ

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ

તારીખ: શનિવાર (૦૪.૦૯.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪.૦૯.૨૦૨૧ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમો ગદ્રે મરીન એક્ષ્પોર્ટ પ્રા. લી. ચોરવાડ વિજગ્રાહક નં 21508 ફિશ પ્રોસેસીંગ યુનિટનું વિજજોડાણ1995 થી સ્વતંત્ર એક્સ્પ્રેસ ફિડર એટલે કે અમો એક જ સ્વતંત્ર ફિડર તરીકે વિજજોડાણનું કનેક્શન 66K.V. ગડુ સબ-સ્ટેશન થી ધરાવીએ છીએ જે અંગેનો રેકર્ડ પીજીવીસીએલ ઓફિસમાં પણ છે.

વર્ષ-૨૦૨૦ના માર્ચ મહિનાની આખર થી કોવિદ-19 ના કારણે ફેક્ટરી બંધ જેવી હાલતમાં હતી આપ સાહેબશ્રીને જણાવવાનું કે અમારા એનર્જી મિટરનું ડિસ્પ્લે તા.10/05/2020 ના રોજ ટેકનિકલ

ખામી ના લીધે બંધ થતાં એમોએ તાત્કાલિક માંગરોળ વિભાગીય કચેરીને જાણ કરેલ હતી ત્યારબાદ તા. 20/05/2020 ના રોજ નવું એનર્જી મિટર પીજીવીસીએલ માંગરોળ દ્વારા ઇન્સ્ટોલ કરવામાં આવેલ હતું તથા બંધ પડેલ એનર્જી મિટરનું જોઇન્ટ ઇન્સ્પેક્શન તા20.06.2020 ના રોજ જામનગર રૂરલ ડિવીઝન લેબ.માં થયેલ તેમાં મિટર ડિસ્પ્લે પેરામિટર મળેલ ન હતા તેથી તે મિટરને મેન્યુફેક્ચરીંગ કંપનીમાં પેરામિટર માટે મોકલવામાં આવેલ હતું પરંતુ ઉપરોક્ત પીજીવીસીએલ વિભાગીય કચેરીના પત્ર ના અનુસંધાને કંપનીમાં પણ આ એનર્જી મિટરના ડેટા ન મળવાનું અમોને જણાવવામાં આવેલ હતું.

ઉપરોક્ત અનુસંધાને અમોને પીજીવીસીએલ તરફથી છેલ્લા ત્રણ મહિનાની એવરેજ મુજબ મેજુન-2020 મહિનાનું બિલ આપવામાં આવેલ જે બિલ એમોએ સ્વીકારેલ તથા ભરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

1.તા. 16.04.2020 થી તા. 10.05.2020 (DISPLAY ON PERIOD -250 DAYS ) તથા તા. 11.05.2020 થી તા.16.05.2020 સુધીનું May.2020 (DISPLAY OF PERIOD – 6 DAYS ) નું એવરેજ બિલ Rs.57,83,516.87

2.તા.17-05-2020 થી તા.19-05-2020 (DISPLAY OF PERIOD -30 DAYS AVERAGE Bill- Rs. 4,71,077.44, તથા તા.20.05.20 થી તા.16.06.2020 (NEW METER ) નું બિલ Rs. 26,08,093.08.

ઉપરોક્ત બાબત અનુસંધાને આપ સાહેબશ્રી ને જણાવવાનું કે અમોને આપવામાં આવેલ બિબિલ મે-જુન-2020 એવરેજ મુજબ આપેલ છે જે ખરેખર અમારા ઉત્પાદન અને વિજવપરાશની સાપેક્ષમાં ખુબ જ વધારે છે તથા કોવિદ-19 (કોરોના) ને લીધે અમારા પ્લાન્ટનો પાવરનો વિજવપરાશ ઓછો હતો આથી અમો દ્વારા સંદર્ભિત પત્રથી તેમજ વારંવાર મૌખિક રજુઆત કરવા છતાં અમારા આ સ્વતંત્ર ફિડરના 66 KV- ગડુ સબ-સ્ટેશન ( કે જ્યાં JETCO કેશોદ થી પાવર આવે છે) ના ડેટા મુજબ થયેલ ખરેખર વિજવપરાશ પ્રમાણેનું બિલ આજદિવસ સુધી એડજેસ્ટમેંટ કરી આપવામાં આવેલ નથી આથી આ અંગે તાત્કાલિક ધોરણે ઘટતું કરવા આપ સાહેબશ્રી ને વિનંતી છે આ સાથે પીજીવીસીએલ માંગરોળ વિભાગીય કચેરીમાં સબમિટ કરાવેલ ડોક્યુમેંટ્સ નીચે આપેલ લિસ્ટ મુજબ જોડેલ છે. ઘણો સમય જતાં આપ સાહેબશ્રીને જાણ કરવી પડી છે તો આવતા મહિનાના બિલમાં ઉપરોક્ત એડજેસ્ટમેંટ થઈ જાય તેવું કરી આપવા વિનંતી ઉપરોક્ત બાબત આપ સાહેબશ્રીની જાણ સારૂ તથા યોગ્ય કરવા સારૂ આ સિવાય પણ અમારા ઉત્પાદનને લગતા તથા પીજીસીવીસીએલ જેટકો કેશોદના સબ-સ્ટેશન દ્વારા અમારા દ્વારા થયેલ વિજવપરાશના જરૂરી ડેટા અમારી પાસે ઉપલબ્ધ છે, જે આપ સાહેબશ્રીની જાણ ખાતર.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગદ્રે મરીન એક્ષપોર્ટ પ્રા.લી. ગામ ચોરવાડ, તા.માળિયા(હાટીના), પેટા વિભાગીય કચેરી ચોરવાડ મુકામે એચટી. વિજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબની છે.

ગ્રાહકનું નામ: ગદ્રે મરીન એક્ષ્પોર્ટ પ્રા.લી., ગામ- ચોરવાડ, તા. માળિયા(હાટીના)

કરારિત વીજભાર : ૨૭૫૦ કેવીએ, ગ્રાહક નં. : ૨૧૫૦૮

વિભાગીય કચેરી : માંગરોળ, વર્તુળ કચેરી : પોરબંદર

3.૧ મેસર્સ ગદ્રે મરીન એક્ષ્પોર્ટ પ્રાઇવેટ લીમીટેડ, ગ્રાહક નં. એચ.ટી.- ૨૧૫૦૮, કનેક્શન ચાલુ કર્યા તારીખ- ૧૩.૦૨.૧૯૯૫, લોડ વધારો ૨૩૦૦ થી ૨૭૫૦ કેવીએ. રીલીઝ તારીખ-૧૪.૦૮.૨૦૧૮, સદર ગ્રાહકને વીજ પુરવઠો ૧૧ કેવી હિન્દુસ્તાન લીવર એક્ષપ્રેસ ફિડરમાંથી આપવામાં આવે છે. આ ફિડરમાં અન્ય કોઈ વીજ જોડાણ આવેલ નથી. સદરહુ વીજ ગ્રાહકનું બિલીંગ વીજ મીટરમાં નોંધાયેલ યુનિટ મુજબ માહે એપ્રીલ-૨૦૨૦ સુધી રેગ્યુલર થયેલ છે. અને ગ્રાહક દ્વારા બીલની રકમ પણ ભરપાઈ કરવામાં આવેલ છે.

3.૨ મીટરની ડિસ્પલે બંધ હોવાની અરજી ગ્રાહક દ્વારા તા:૧૧.૦૫.૨૦૨૦ ના રોજ અત્રે ની કચેરી એ કરવામાં આવેલ. જેના અનુસંધાનેસક્ષમ કચેરી દ્વારા આપેલ એલોટમેન્ટ તારીખ-૧૫.૦૫.૨૦૨૦ મુજબ અત્રેની કચેરીએ થી તા:૨૦.૦૫.૨૦૨૦ ના રોજ મીટર બદલાવેલ. આમ, તારીખ- ૧૧.૦૫.૨૦૨૦ થી તારીખ- ૨૦.૦૫.૨૦૨૦ સુધી મીટરની ડિસ્પ્લે બંધ રહેલ.

3.3 સદર બદલેલ મીટરનું તા:૧૦.૦૬.૨૦૨૦ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ગ્રામ્ય વિભાગ, જામનગર ખાતે ચકાષણી કરવામાં આવેલ જે રીપોર્ટ મુજબ મીટરનાં છેલ્લા રીડીંગ કે એમ.આર.આઈ. ડેટા ન મળવાથી, સદર મીટર ને ઉત્પાદિત કંપની મા વધુ તપાસ માટે મોકલવાનું દર્શાવેલ. આથી અત્રેથી ઉત્પાદિત કંપનીમા તાત્કાલિક મોકલવામાં આવેલ અને મીટર ઉત્પાદિત કંપની માંથી તા:૧૬.૦૭.૨૦૨૦ ના રોજ આવેલ રીપોર્ટ મુજબ સદર મીટરની એન.વી.એમ. ખરાબ હોવાથી સદર મીટરનો કોઈ ડેટા મળેલ ન હોય.

3.૪ મીટરનાં ડિસ્પ્લે બંધ હોવાથી માહે મે & જુન -૨૦૨૦ નું વીજ બીલ સપ્લાય કોડ ૨૦૧૫નાં પ્રોવિઝન ૬.૫૮ હેઠળ છેલ્લા ત્રણ માસનાં બીલની એવરેજ મુજબ માહે મે-૨૦૨૦ માટે ૬૮૨૯૫૦ યુનીટ અને ૪૯૭૭૯૪૯.૫૯ રકમનું બીલ આપવામાં આવેલ. તેમજ માહે જુન-૨૦૨૦ મા દિવસ ૩(ત્રણ) માટે ૬૬૦૯૦ યુનીટ અને ૪૭૧૦૭૭.૪૪ રકમનું બીલ આપવામાં આવેલ. સદરહુ વીજ ગ્રાહકનું મીટર બદલ્યા બાદ બિલીંગ વીજ મીટરમાં નોંધાયેલ યુનિટ મુજબ માહે જુલાઈ -૨૦૨૦ થી રેગ્યુલર કરવામાં આવે છે અને ગ્રાહક દ્વારા બીલની રકમ પણ ભરપાઈ કરવામાં આવે છે.

3.૫ ગ્રાહક દ્વારા તારીખ ૨૪.૦૯.૨૦૨૦ નાં રોજ લેખિત અરજી કરવામાં આવેલ અને તેમાં જણાવ્યા મુજબ સદર સમય દરમિયાન કોવીડ-૧૯ નાં કારણે ઈલેક્ટ્રીસીટી નો ઉપયોગ ખુબ ઓછો થયેલ જેથી સદર એવરેજ મુજબ આપવામાં આવેલ બીલ વધુ છે અને સબ-સ્ટેસનનાં મીટર મુજબ બીલમાં વપરાશની ગણતરી કરવા રજૂઆત આપેલ. અને ફરીવાર લેખિત રજુઆત તા:૧૦.૧૨.૨૦૨૦નાં રોજ આપેલ. ત્યારબાદ તારીખ-૩૦.૦૪.૨૦૨૧ નાં રોજ આપ સાહેબની કચેરીને કરેલ રજુઆતની નકલ પણ અત્રે આપેલ છે.

3.૬ અરજદારશ્રીની રજુઆત સબબ તપાસ કરતાં સબ સ્ટેશનનાં પેનલ મીટર અને ગ્રાહકનાં વીજ મીટર બન્નેની એક્યુરેસી ૦.૫ સરખી જ છે. આમ, અત્રેની કચેરીએથી સદર ગ્રાહક ને મીટરનાં ડિસ્પ્લે બંધ

હોવાથી માહે મે & જુન -૨૦૨૦ નું વીજ બીલ સપ્લાય કોડ ૨૦૧૫નાં પ્રોવિઝન ૬.૫૮ હેઠળ છેલ્લા ત્રણ માસનાં બીલની એવરેજ મુજબ માહે મે-૨૦૨૦ તેમજ માહે જુન-૨૦૨૦ નું આપવામાં આવેલ

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં.૩.૧ અને ૩.૪ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને જે એવરેજ બિલ આપવામાં આવેલ છે જે અરજદાર શ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ છે. તે કંપની ના નિયમ મુજબ હોય તે અને અરજદાર શ્રી ને ભરવાપાત્ર છે.

૪.૩ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯